# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-06-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગરમાં 430 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું
2. વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષને નવી દિશા આપવા ગૂજરાત વિદ્યાપીઠમાં કુલાધિપતિ આચાર્ય દેવવ્રતે 'કુશલ' યોજનાનો શુભારંભ કરાવ્યો
3. કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ પોરબંદરમાં સેવા સેતુ કાર્યક્રમને સામાન્ય અને મધ્યમ વર્ગના વિકાસનો સંકલ્પ ગણાવ્યો
4. મેટ્રો સ્ટેશનમાં કેબલ ચોરી કરતી આંતર રાજ્ય ટુકડીને ગાંધીનગર પોલીસે ઝડપી પાડી
5. રાજ્યમાં વિશેષ નમાજ સાથે ઈદ ઉલ અદહા મનાવવામાં આવી

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM JAMNAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગરમાં 430 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે માત્ર શહેરીજનો નહીં પરંતુ છેવાડાના માનવી સુધી સુખાકારીઓ પહોચાડવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. તેમણે ઉમેર્યું કે શહેરી વિકાસ વર્ષ તરીકે આ વર્ષના અંદાજપત્રમાં 30 હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો 11 વર્ષનો કાર્યકાળ સેવા, સમર્પણ અને સુશાસનનો બની રહ્યો છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

શ્રી પટેલે જણાવ્યું કે ઓપરેશન સિંદુરની સફળતા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદનનો સંદેશો સૌ પ્રથમ જામનગરના રાજવી શત્રુશલ્યસિંહજીએ પાઠવ્યો હતો.

જામનગરમાં આ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તથી બે શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સભાગૃહ, ફ્લાયઓવર, એમ.પી.શાહ મેડિકલ કોલેજ ખાતે ૨ બોયઝ હોસ્ટેલ, ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજનું અપગ્રેડેશન અને બાંધકામ સહિતની સુવિધાઓનો ઉમેરો થશે. આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા અને સાંસદ પૂનમબેન માડમ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . .

# GOVERNOR GUJARAT VIDHYAPITH

**અમદાવાદ સ્થિત** ગુજરાત વિદ્યાપીઠમાં રાષ્ટ્રીય સેવા યોજના NSSની રાષ્ટ્રીય એકતા શિબિરના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતે 'કુલાધિપતિ શિષ્ય અભ્યાસ લબ્ધિ' -કુશલ યોજનાના પ્રતીકનું અનાવરણ કર્યું. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાપીઠના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમના શૈક્ષણિક ઉત્કર્ષને નવી દિશા આપવાનો છે. આ યોજના અંતર્ગત, આગામી શૈક્ષણિક વર્ષ 2025-26થી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રતિવર્ષ 100 તેજસ્વી અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને 'કુલાધિપતિ શિષ્યવૃત્તિ' એનાયત કરવામાં આવશે. આ મહત્વકાંક્ષી યોજના માટે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા વાર્ષિક 10 લાખ રૂપિયાની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે.

. . . . . . . . . . .

# MANSUKH MANDAVIYA - PORBANDAR

પોરબંદરમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયાના અધ્યક્ષ સ્થાને શહેરી કક્ષાનો સેવાસેતુ, મેડીકલ કેમ્પ અને ઇ-ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે પોરબંદર મહાનગર પાલિકાના 11 કરોડથી વધુના 16 કામોનું ઇ-ખાતમુહૂર્ત, વિવિધ યોજનાઓની સહાય કીટનું વિતરણ તેમજ સેવાભાવી સામાજિક સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, સેવા સેતુ

કાર્યક્રમ થકી લોકોના રેશનકાર્ડ,આધાર કાર્ડ, સહિતની સેવાઓ એક જ જગ્યાએ મળી રહે છે.

(BYTE- MANSUKH MANDVIYA)

. . . . . . . . . . .

## RUSHIKESH AHMEDABAD

કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, દેશમાં બાંધકામ ક્ષેત્ર સૌથી વધુ રોજગારી આપે છે. અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી મેદાનમાં અર્થકોન- 2025માં ગુજરાત નિર્માણ પુરસ્કાર સમારોહ દરમિયાન શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે બાંધકામ ક્ષેત્રમાં વિવિધ રીતે યોગદાન આપનાર સંસ્થાઓ અને વ્યક્તિઓને પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા. તેમણે જણાવ્યું કે બાંધકામ કે અન્ય ક્ષેત્રમાં સમાજના દરેક વર્ગના લોકો એક સાથે જોડાય તો ભારત @2047ના નિર્માણને વેગ મળશે.

. . . . . . . . . . .

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube

ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# RUSHIKESH COVID

રાજ્યમાં કોરોનાના વધતા કેસ વચ્ચે, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે નાગરિકોને ખાતરી આપી કે ગભરાવાની કોઈ જરૂર નથી. તેમણે જણાવ્યું હતું કે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા પણ સૂચવવામાં આવ્યું છે તેમ, વાયરસ હળવો છે. તેમણે શરદી અને ઉધરસ જેવા લક્ષણો ધરાવતા લોકોને સાવચેતી રાખવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે સરકાર પાસે દવાઓ અને ઓક્સિજન પુરવઠો પૂરતા પ્રમાણમાં છે.

(બાઇટ: ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

. . . . . . . . . . .

# INTERSTATE GANG

મેટ્રો સ્ટેશનમાં કેબલ ચોરી કરતી આંતર રાજ્ય ટુકડીને ગાંધીનગર પોલીસે ઝડપી પાડી છે. આ સાથે અગાઉ અમદાવાદ-ગાંધીનગર મેટ્રો

લાઈનમાં થયેલી કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો છે. આ ટુકડીના ચાર સભ્યોને પોલીસે પકડી પાડ્યા છે. આ અંગે જિલ્લા પોલીસ અધિક્ષક રવિતેજા વાસમશેટ્ટીએ વધુ માહિતી આપી.

(બાઇટ: રવિતેજા વાસમશેટ્ટી, SP)

. . . . . . . . . . .

# EID AL-ADHA

આજે ઈદ ઉલ અઝહા મનાવાઈ રહ્યો છે. ત્યારે ભરૂચ શહેર અને જિલ્લામાં મુસ્લિમ બિરાદરોએ વેજલપુર નજીક ઇદગાહ મેદાન ખાતે વિશેષ નમાઝ અદા કરી અલ્લાહની બંદગી કરી હતી અને ઇદના પર્વની શુભકામના પાઠવી હતી.

અરવલ્લી જિલ્લામાં મોડાસાની ઈદગાહ ખાતે મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી હતી. શાંતિપૂર્ણ માહોલમાં ઈદ મનાવાય તે માટે જિલ્લા પોલીસે શાંતિ સમિતિની બેઠક યોજી હતી.

દરમિયાન છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગરની મસ્જિદોમાં ઈદની વિશેષ નમાજ અદા કરવામાં આવી, જિલ્લાના મુસ્લિમ બિરાદારોએ એકબીજાને બકરી ઈદની મુબારક બાદ પાઠવી હતી.

. . . . . . . . . . .

# LOKRAKSHAK CALL LETTER

લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ થવાના આજથી શરૂ થયા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આગામી 15મી જૂને આ પરીક્ષા લેવાશે. અગાઉ રાજ્યના 15 કેન્દ્રો પર શારીરિક કસોટીનું આયોજન કરાયું હતું. જેમાં 12 હજારથી વધુ જગ્યા માટે 2 લાખ 47 હજારથી વધુ ઉમેદવારોએ શારીરિક પરીક્ષા પાસ કરી હતી.

. . . . . . . . . . .

# TRAIN STOPPAGE

મુસાફરોની સુવિધા માટે ટ્રેન સંખ્યા અમદાવાદ-ભુજ-અમદાવાદ નમો ભારત રૈપીડ રેલને 9 જૂનથી અમદાવાદના આંબલી રોડ અને સાણંદ સ્ટેશનો પર વધારાના સ્ટોપેજ અપાશે. આ વધારાના સ્ટોપેજને કારણે આ ટ્રેનના કેટલાક મથકો પર આગમન/પ્રસ્થાનના સમયમાં આંશિક પરિવર્તન થશે.

9 જૂનથી અમદાવાદ-ભુજ નમો ભારત રૈપીડ રેલ અમદાવાદથી સાડા પાંચ વાગ્યાને બદલે 5 વાગીને 25 મિનિટે ઉપડશે તથા આગમન અને પ્રસ્થાનનો સમય સાબરમતી, ચાંદલોડિયા, આંબલી રોડ, સાણંદ, વિરમગામ, ધ્રાંગધ્રા તથા હળવદ મથક પર નિર્ધારિત સમય કરતાં બે મિનિટ મોડી પહોંચશે, તથા અન્ય મથકો પર સમયમાં કોઈ ફેરફાર નહીં થાય.

એ જ રીતે ભુજ – અમદાવાદ નમો ભારત રૈપીડ રેલનો આગમન-પ્રસ્થાનનો સમય સાણંદ, આંબલી રોડ, ચાંદલોડિયા, સાબરમતી, મથક પર બે મિનિટ મોડો રહેશે તથા અન્ય મથકો પર સમયમાં કોઈ ફેરફાર નહીં થાય.

. . . . . . . . . . .